# નશાના વેપાર પર મેગા 'ક્રેકડાઉન'

## પારડીના સરોંધી ગામના ખેતરમાં લહેરાતી લીલોતરી ગાંજો નીકળ્યો

**37 લાખની** કિંમતના 74 કિલો છોડ કબજે એક ઝડપાયો, જમીન માલિક ફરાર



પારડી: પારડીના સરોંધી ગામમાં વલસાડ એસઓજી દ્વારા નાર્કોટિક્સ વિરુદ્ધ મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ચોક્કસ બાતમીના આધારે પાડવામાં આવેલા દરોડા દરમિયાન 74.310 કિલોગ્રામ વજનના ગાંજાના 18 લીલા છોડ મળી આવ્યાં હતાં, જેની અંદાજિત કિંમત રૂ. 37,15,500 હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે. આ કેસમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે જ્યારે જમીન માલિકને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

પોલીસ દ્વારા એફએસએલના અધિકારીને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતાં. પ્રાથમિક પરીક્ષણમાં તમામ છોડમાં કેનાબિસના સક્રિય તત્ત્વોની હાજરી હોય ગાંજાના છોડ હોવાનું નિશ્ચિત થયું હતું. પોલીસે ઘટના સ્થળેથી આ ખેતીની દેખરેખ રાખતા જીતેન્દ્ર ઉર્ફે જીતુ અમરતભાઈ વારલી (રહે., માની, તા.કપરાડા)ને રંગેહાથ ઝડપી લીધો છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આ ગાંજાનું બિયારણ વોન્ટેડ અને જમીન માલિક હર્ષિલ નરેન્દ્રભાઈ પટેલ (રહે., સરોંધી, તા. પારડી)એ પૂરું પાડ્યું હતું અને તેના જ કહેવાથી આ ગેરકાયદે વાવેતર કરવામાં આવ્યું હતું. પારડી પોલીસે આ મામલે પકડાયેલા જીતેન્દ્ર અને વોન્ટેડ હર્ષિલ પટેલ વિરુદ્ધ NDPS એક્ટ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ખેતીની જમીનમાં આટલા મોટા પ્રમાણમાં ગાંજાની ગેરકાયદે ખેતી થતી હોવાનો પર્દાફાશ થતાં પોલીસ હવે આ નેટવર્ક સાથે અન્ય કોઈ વ્યક્તિઓ સંકળાયેલા છે કે નહીં તેની પણ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે. પોલીસે કબજે કરાયેલા ગાંજાના છોડ, મોબાઇલ ફોન સહિત કુલ રૂ. 37.20 લાખના મુદ્દામાલ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

## બીલીમોરામાંથી ગાંજા સાથે આધેડ ઝડપાયો, સુરતનો શખ્સ વોન્ટેડ



બીલીમોરા: બીલીમોરા લીમડાચોક મનોજ ટેલરની સામે રહેતા રાજુભાઈ ઉર્ફે ટોપી બુદ્ધિસાગર વૈદ (ઉં.વ.૫૧) કે જેઓ પોતાના ઘરમાં વનસ્પતિજન્ય ગાંજાનું વેચાણ કરતાં હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરતાં વનસ્પતિજન્ય ગાંજો ૨૩૯.૫૭ ગ્રામ કિંમત રૂ.૧૧,૯૭૮ મળી આવ્યો હતો. આ સાથે પ્લાસ્ટિકનો વજન કાંટો, મોબાઇલ ફોન સહિત રૂ.૧૭,૫૭૮ના મુદ્દામાલ સાથે રાજુભાઈ ઉર્ફે ટોપી બુદ્ધિશાગર વૈદની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે આ ગાંજો તેને પૂરો પાડનાર સુરતના અશ્વિનીકુમાર રોડ, રેલવે ટ્રેક પાસે રહેતા અજાણ્યાને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી હાથ ધરી છે.

## ચલામાં ગાંજાનો જથ્થો વેચવા આવેલો મોપેડચાલક ઝડપાયો

વાપી: ચલામાં ગાંજાનો જથ્થો વેચવા આવેલા મોપેડચાલક ટાઉન પોલીસના હાથે ઝડપાયો હતો. વાપી ટાઉન પોલીસને પેટ્રોલીંગ દરમિયાન ચલા રોડ, અજીતનગર જૈન દેરાસરની બાજુમાં મોપેડ લઈને એક શંકાસ્પદ ઈસમ ઉભેલો નજરે પડ્યો હતો. જેથી પોલીસે તેનું નામઠામ પૂછતા સલમાન અસરફ મુલ્લા (ઉં.વ.22, હાલ રહે., દમણ, વાઈન્ડ બિલ્ડિંગ, મૂળ ગીતાનગર, વાપી) હોવાનું જણાવ્યું હતું. પોલીસે મોપેડ ચેક કરતાં 464 ગ્રામ ગાંજો કિંમત 23,200 મળી આવ્યો હતો. ગાંજાનો જથ્થો અને મોપેડ મળી કુલ રૂ.73,200નો મુદ્દામાલ કબજે લઈ પોલીસે સલમાન મુલ્લાની વધુ પૂછતાછ કરતાં આ ગાંજાનો જથ્થો દમણ-સોમનાથમાં રહેતો બાબુ લાવ્યો હતો અને તે છૂટક વેચાણ કરવાનો હતો. ગાંજાનો જથ્થો આપનારને વોન્ટેડ બતાવી વાપી ટાઉન પોલીસે એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો.

## ખૂંધ ગામેથી 1.5 કિલો ગાંજો ઝડપાયો, વેચાણ કરતાં વૃદ્ધની ધરપકડ



ઘેજ: ચીખલી પોલીસે ચીખલી નજીકના ખૂંધ ગામના ખાડા વિસ્તારમાં રહેતા મહમૂદબિન આરબ (ઉં.વ.63)ના ઘરની તલાસી લેતાં ૧.૫૪૨ કિલો ગ્રામ ગાંજો કિ.રૂ.૭૭,૧૦૦ સહિત રૂ.૮૨,૬૦૦ના મુદ્દામાલ સાથે તેને ઝડપી પાડ્યો હતો. ગાંજો જથ્થો કરણ કમલેશ રાઠોડ (રહે., આફવા, બારડોલી) પાસે લાવ્યો હતો.

## વાંસદાના નવતાડ ગામેથી 547 ગ્રામ ગાંજા સાથે યુવાન ઝડપાયો



વાંસદા: વાંસદા પોલીસે નવતાડ ગામમાં દરોડો પાડી 547.93 ગ્રામ ગાંજો જપ્ત કરી એક યુવાનની ધરપકડ કરી છે નવતાડ ગામના દેવી ફળિયામાં રહેતા કુણાલ કમલેશભાઈ ઠાકોર પાસે ગાંજો છે અને તે તેનું વેચાણ કરે છે. જે બાતમીના આધારે પોલીસે તપાસ કરતાં 547.93 ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો મળી આવ્યો હતો. પોલીસે ગાંજો કબજે કરી કુણાલ ઠાકોરની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ ગાંજો આહવા તાલુકાના કુમારબંધ ગામના નરેશ ઉર્ફે નરેન્દ્ર ઉર્ફે નરું પરશુભાઈ કુંભાર પાસેથી મેળવ્યો હોવાનું કબૂલ્યું હતું. જેના આધારે પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આમડપોરની ગોચર જમીન પર ખનન મુદ્દે 8.55 કરોડની નોટિસ

**ભૂસ્તર** વિભાગના દાવા મુજબ 2.82 લાખ મેટ્રિક ટન ખનીજનું કથિત ખોદકામ થયું



નવસારી: આમડપોર ગામની સરકારી ગૌચર જમીનને લઈને બહાર આવેલી ભૂસ્તર વિભાગની નોટિસે સમગ્ર જિલ્લામાં રાજકીય, વહીવટી અને સામાજિક સ્તરે ભારે ચર્ચા જગાવી છે. સામાન્ય રીતે પશુઓના ચરાણ અને જાહેર હિત માટે અનામત ગણાતી ગૌચર જમીન હવે કરોડો રૂપિયાના કથિત ખનનકાંડના કેન્દ્રમાં આવી ગઈ છે. ભૂસ્તર વિભાગે રાજુભાઈ નગીનભાઈ ઓડ, જીતેશભાઈ જેયંતીભાઈ ઓડ અને રવિભાઈ અશોકભાઈ ચોકસીને નોટિસ પાઠવી ખુલાસો માંગ્યો છે.

વિભાગના પ્રાથમિક તારણો મુજબ આમડપોરની ગૌચર જમીનમાંથી 1,72,632.44 મેટ્રિક ટન રેતી અને 1,09,987.58 મેટ્રિક ટન માટી સહિત કુલ 2,82,620.02 મેટ્રિક ટન ખનિજનું કથિત બિનઅધિકૃત ખનન થયું હોવાનું નોંધાયું છે. આ ખનિજની કિંમત, રોયલ્ટી, પર્યાવરણીય નુકસાન અને અન્ય કાયદાકીય જોગવાઈઓને આધારે રૂ. 8,55,45,258ની વસૂલાત પાત્ર હોવાનું પણ નોટિસમાં દર્શાવવામાં આવ્યું છે. પરંતુ આ સમગ્ર મામલામાં સૌથી વધુ ચર્ચા ખનનના આંકડાઓ કરતાં તંત્રની ભૂમિકા અંગે થઈ રહી છે. કારણ કે લાખો મેટ્રિક ટન ખનિજનું ખોદકામ કોઈ એક દિવસ કે એક અઠવાડિયાની કામગીરી નથી. આ માટે ભારે મશીનરી, ડમ્પરોની સતત અવરજવર, માનવબળ અને લાંબા સમય સુધી ચાલતી કામગીરી જરૂરી બને છે.

## ધરમપુરાના સિદમ્બુરમાં ગેરકાયદે રેતી ખનન પર તંત્રની તવાઈ

ધરમપુર, વલસાડ: વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના સિદમ્બુર ગામની નદીમાં ચાલી રહેલા ગેરકાયદે રેતી અને ગ્રાવલના ખનન સામે મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની તપાસ ટીમે બુધવારે કડક કાર્યવાહી હાથ ધરી હતી. ઓચિંતી તપાસ દરમિયાન ગેરકાયદે ખનન અને ખનિજના પરિવહન માટે ઉપયોગમાં લેવાતા ચાર ટ્રક ઝડપી પાડી અંદાજે રૂ.50 લાખનો મુદ્દામાલ સીઝ કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન GJ-05-UU-6969, GJ-17-X-8396, GJ-15-Z-1932 અને GJ-16-AY-7385 નંબરના ટ્રકો કબજે લેવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બિનઅધિકૃત રીતે સાદી રેતી અને ગ્રાવલનું ખનન કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર મામલે ગુજરાત ખનીજ (ખાણકામ, વહન અને સંગ્રહ) નિવારણ નિયમ-2017 હેઠળ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જિલ્લા તંત્રની આ કાર્યવાહીથી ગેરકાયદે ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કુદરતી સંપત્તિના ગેરકાયદે શોષણને કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં નહીં આવે અને આગામી દિવસોમાં પણ સઘન ચેકિંગ સાથે આવી પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે. સ્થાનિક લોકોએ પણ તંત્રની આ કામગીરીને આવકારી ગેરકાયદે ખનન પર અસરકારક નિયંત્રણ લાવવા વધુ કડક પગલાં ભરવાની માંગ કરી છે.

# રાજ્યપાલ-મુખ્યમંત્રી સાહેબ, પાઠ્ય પુસ્તકોની અછતનું કંઈ કરો!

**નવસારીમાં** મોંઘી સ્ટેશનરી અને ખાનગી શાળાઓની બેફામ ફી સામે રોષ

નવસારી: નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે, વર્ગખંડો વિદ્યાર્થીઓથી ભરાઈ રહ્યા છે, પરંતુ અનેક વિદ્યાર્થીઓના હાથમાં હજુ સુધી પાઠ્યપુસ્તકો જ નથી. શિક્ષણના પ્રથમ જ દિવસે ઊભી થયેલી આ ગંભીર પરિસ્થિતિ સામે નવસારીમાંથી ઉગ્ર અવાજ ઉઠ્યો છે. ભારતીય બહુજન હિતાય સંઘના સ્થાપક અને એડવોકેટ પરેશકુમાર એમ. વાટવેચાએ નવસારી કલેક્ટર મારફત રાજ્યપાલ અને મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવી શિક્ષણ ક્ષેત્રે સર્જાયેલી સમસ્યાઓ અંગે તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું હોવા છતાં બજારમાં સરકારી પાઠ્યપુસ્તકોનો પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી. અનેક વાલીઓ પોતાના બાળકો માટે પુસ્તકો મેળવવા બુકસ્ટોલ પર લાંબી કતારોમાં ઊભા રહે છે, પરંતુ કલાકોની રાહ બાદ પણ નિરાશ થઈ ઘરે પરત ફરવું પડે છે. પરિણામે વિદ્યાર્થીઓ અભ્યાસની શરૂઆતથી જ પાછળ રહી જવાની ભીતિ અનુભવી રહ્યા છે. બીજી તરફ શિક્ષણ સાથે જોડાયેલી સ્ટેશનરી સામગ્રીના ભાવોએ પણ વાલીઓનું બજેટ ખોરવી નાંખ્યું છે. ચોપડા, પેન, પેન્સિલ, કલર અને અન્ય જરૂરી સામગ્રીના વધતા ભાવોના કારણે સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારો માટે બાળકોનું શિક્ષણ દિવસેને દિવસે વધુ મોંઘું બનતું જઈ રહ્યું છે. સંઘ દ્વારા માંગ કરવામાં આવી છે કે ધોરણ 1થી 12 સુધીના તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવે, સ્ટેશનરીને ટેક્સમુક્ત જાહેર કરી તેના ભાવોમાં રાહત આપવામાં આવે અને વધુ ભાવ વસૂલતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. સાથે જ ખાનગી શાળાઓ દ્વારા વસૂલાતી બેફામ ફી પર નિયંત્રણ લાવવા તથા સરકારી શાળાઓમાં આધુનિક સુવિધાઓ અને શિક્ષકોની પૂરતી ભરતી કરવા પણ માંગ કરવામાં આવી છે.

એડવોકેટ પરેશ વાટવેચાએ જણાવ્યું હતું કે, એક તરફ સરકાર શિક્ષણને પ્રાથમિકતા આપવાની વાત કરે છે, તો બીજી તરફ વિદ્યાર્થીઓને સમયસર પુસ્તકો પણ મળી રહ્યા નથી.

# વિકાસ કામોમાં 'નો એક્સક્યુઝ'! નવસારી મ્યુ. કમિશનરની તાકીદ

**ચોમાસા** પૂર્વે સ્વચ્છતા પર ખાસ ફોકસ, બેદરકારી દાખવનાર એજન્સીઓ અને અધિકારીઓને સ્પષ્ટ ચેતવણી



નવસારી: નવસારી શહેરમાં ચાલી રહેલા કરોડો રૂપિયાના વિકાસ કાર્યોની વાસ્તવિક ચકાસણી કરવા મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય (IAS) ખુદ ફિલ્ડમાં ઉતર્યા હતા. વિવિધ પ્રોજેક્ટોની સ્થળ પર સમીક્ષા દરમિયાન તેમણે અધિકારીઓ અને અમલીકરણ એજન્સીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે વિકાસ કાર્યોમાં વિલંબ, નબળી ગુણવત્તા કે બેદરકારી હવે કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં.

કમિશનરે સૌપ્રથમ કબીલપોર તળાવ ખાતે ચાલી રહેલા બ્યુટીફિકેશન અને ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું હતું. ચોમાસા પૂર્વે તળાવની પાળ, અર્થવર્ક અને સુરક્ષા સંબંધિત કામગીરીની વિગતવાર સમીક્ષા કરીને બાકી રહેલા કામો ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. કમિશનરે બાકીની કામગીરીમાં વધુ ગતિ લાવી નાગરિકો માટે આ સ્થળ ટૂંક સમયમાં ખુલ્લું મુકવા તાકીદ કરી હતી. મુલાકાત દરમિયાન શહેરમાં ચાલી રહેલી વિશેષ સ્વચ્છતા ઝુંબેશની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

## ઉનાઈ SBIનું કેશ ડિપોઝિટ મશીન 23 દિવસથી બંધ હાલતમાં

વાંસદા: ઉનાઈ ગામે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના કેશ ડિપોઝિટ મશીન (CDM) છેલ્લા 23 જેટલા દિવસથી બંધ હાલતમાં હોવાથી ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ફાઈનાન્સના હપ્તા ભરતા ગ્રાહકોને ઈમરજન્સીમાં ખાતામાં રકમ જમા કરાવવા માટે વાંસદા અથવા વ્યારા સુધી જવું પડી રહ્યું છે. વાંસદા તાલુકો આશરે 95 ટકા આદિવાસી વસતી ધરાવતો વિસ્તાર છે, જ્યાં મોટાભાગના લોકો ખેતી અને પશુપાલન પર નિર્ભર છે. સરકારની જનધન યોજના હેઠળ તાલુકામાં મોટી સંખ્યામાં લોકોના ખાતા સ્ટેટ બેંકમાં ખોલવામાં આવ્યા છે. છેલ્લા 23 દિવસથી બંધ હોવાથી બેંકના સમય બાદ પૈસા જમા કરાવવાની સુવિધા ઉપલબ્ધ નથી. પરિણામે ગ્રાહકોને પૈસા જમા કરવા માટે વાંસદા અથવા વ્યારા જવું પડે છે.

# નવસારીમાં ધો.10 અને 12ના 3,366 વિદ્યાર્થીની આજથી પૂરક પરીક્ષા

**8** પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષા લેવાશે, શિક્ષણ તંત્ર સજ્જ

નવસારી: ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ધોરણ-10 અને ધોરણ-12ની પૂરક (બેસ્ટ ઓફ ટુ) પરીક્ષાઓનો આજથી પ્રારંભ થઈ રહ્યો છે.

નવસારી જિલ્લામાં પરીક્ષાના સુચારૂ આયોજન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. પરીક્ષાના ઝોનલ કેન્દ્ર તરીકે શેઠ પુ. હ. વિદ્યાલય (સંસ્કાર ભારતી)ને નિયુક્ત કરવામાં આવ્યું છે. જિલ્લામાં ધોરણ-10ની પરીક્ષામાં 2,064 વિદ્યાર્થીઓ નોંધાયા છે, જેઓ 8 અલગ-અલગ પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપશે. ધોરણ-12ની વાત કરીએ તો વિજ્ઞાન પ્રવાહના 892 અને સામાન્ય પ્રવાહના 410 સહિત કુલ 1,302 વિદ્યાર્થી પરીક્ષામાં બેસવાના છે. આમ SSC અને HSC બંને મળીને કુલ 3,366 વિદ્યાર્થી આ પરીક્ષામાં પોતાનું ભાગ્ય અજમાવશે.

પરીક્ષા દરમિયાન પારદર્શિતા અને શિસ્ત જળવાઈ રહે તે માટે તમામ કેન્દ્રો પર સીસીટીવી મોનિટરિંગ, જરૂરી સુવિધાઓ અને દેખરેખની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ઉપરાંત વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે પીવાના પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચવા, જરૂરી દસ્તાવેજો સાથે રાખવા અને કોઈપણ પ્રકારના દબાણ વિના આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા અપીલ કરવામાં આવી છે.



ધર્મેશ પટેલ

# ગોવાથી દારૂનું મસમોટું કન્ટેનર ચીખલી સુધી પહોંચી ગયું!

**એલસીબી** પોલીસે 48.43 લાખના દારૂ સાથે એકની ધરપકડ કરી, એક વોન્ટેડ

ઘેજ: ગોવાથી દારૂનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહેલા દારૂ ભરેલા કન્ટેનરને નવસારી એલસીબી પોલીસે ઝડપી પાડી ૪૮.૪૩ લાખ રૂપિયાનો વિદેશી દારૂ કબજે કર્યો છે. સાથે ચાલકની ધરપકડ કરી બેને વોન્ટેડ જાહેર કર્યા છે.

બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર નવસારી એલસીબી પોલીસનો સ્ટાફ ચીખલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમ્યાન પૂર્વ બાતમીના આધારે બલવાડા નેશનલ હાઈવે ઉપર મુંબઈથી અમદાવાદ જતાં ટ્રેક ઉપર વોચ ગોઠવતા બાતમી મુજબની ટાટા કન્ટેનર (નં. એમએચ ૦૪ જીઆર ૬૬૫૫) આવતા જેને રોકી તલાસી લેતાં અંદરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ ૮૨૫૬ કિ.રૂ. ૪૮,૪૩,૨૦૦ તેમજ એક મોબાઈલ ફોન, રોકડા રૂ.૨,૦૦૦ મળી કુલ રૂ.૫૮,૫૦,૨૦૦ નો મુદ્દામાલ સાથે દારૂનું કન્ટેનરમાં વહન કરનાર શ્રી ક્રિષ્ના ઉર્ફે દિનેશ નેતાજી શ્રી રંગ સોમવંશી (હાલ રહે., રૂમ નં-૩ નિગડી, પીપરીચિચવડ, તુકારામ ભાલેકરના રૂમમાં, તા.હવેલી, જિ.પુણે, મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો ભરેલા કન્ટેનર આપી જનાર સતીષ (રહે., ભીવંડી, મહારાષ્ટ્ર) તથા કન્ટેનરના માલિક મળી બેને વોન્ટેડ જાહેર કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બીલીમોરાના આંતલીયામાં મોડ્યુલર કિચન બનાવતી દુકાનમાં આગ

**3 લાખનું** નુકસાન, મોટી દુર્ઘટના ટળી



કરસી બારીયા

બીલીમોરા: બીલીમોરા નજીક આ વેલા આઈટીઆઈ સામે બુધવારે બપોરે એક મોડ્યુલર કિચન બનાવતી દુકાનમાં લાગેલી ભીષણ આગથી ભારે દોડધામ મ ચી ગઈ હતી. સદનસીબે, ફાયર વિભાગની સમયસરની કામગીરીને કારણે મોટી હોનારત ટળી હતી.

આંતલીયાના વિનાયક હોમ્સ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા 'એસ કિચન' નામના શો રૂ મમાં બપોરે ૧૨:૩૦ વાગ્યાના સુમારે શોર્ટ-સર્કિટના કારણે આગ લાગી હતી. દુકાનદાર બહાર ગયા હોવાથી અને કાચનો દરવાજો બંધ હોવાથી શરૂઆતમાં આગનો ખ્યાલ આવ્યો ન હતો, પરંતુ ત્યારબાદ ધુમાડાના ગોટેગોટા નીકળતા આસપાસના વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. બીલીમોરા ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. શોરૂમમાં ભરાયેલા ધુમાડાને કારણે આગનું ચોક્કસ સ્થાન શોધવામાં ફાયર ટીમને મુશ્કેલી પડી હતી. અંતે, ફાયર ફાઈટરોએ કાચ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ૨૦ મિનિટના સતત પાણીના મારા બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં અંદાજે ૩ લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. શોરૂમની આસપાસ કાપડની દુકાનો અને ઉપરના માળે રહેણાંક વિસ્તાર હોવાથી આગ વધુ વિકરાળ બની હોત તો જાનમાલનું મોટું નુકસાન થઈ શક્યું હોત. ધારાસભ્ય નરેશભાઈ પટેલ સામે આવેલા આઈટીઆઈમાં કાર્યક્રમમાં ઉપસ્થિત હતા અને આગની જાણકારી મળતાં તેઓએ ઘટનાસ્થળની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

# નવસારીમાં આંગણવાડી બહેનોનો પડતર પ્રશ્નોને લઈ ઉગ્ર વિરોધ

**માનદ** વેતન વધારો, PF, પેન્શન અને સેવા સુરક્ષાની માંગ સાથે મુખ્યમંત્રીને આવેદનપત્ર

નવસારી: રાજ્યભરની આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનોના લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન દ્વારા નવસારીમાં વિરોધ કાર્યક્રમ યોજાયો હતો. આંગણવાડી બહેનોએ જિલ્લા પંચાયત પ્રાંગણમાં એકત્ર થઈ પોતાની વ્યથા વ્યક્ત કરી હતી તેમજ જિલ્લા કલેક્ટર મારફતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરી હતી.

સંગઠનના જણાવ્યા મુજબ રાજ્યની લાખો મહિલાઓ આંગણવાડી સેવાઓ મારફતે માતા અને બાળકના આરોગ્ય, પોષણ, શિક્ષણ અને સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના લોકો સુધી પહોંચાડવાની મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી રહી છે. તેમ છતાં તેમની સેવા અને મહેનતના પ્રમાણમાં મળતું માનદ વેતન અપૂરતું હોવાનું જણાવી તેમાં વધારો કરવાની માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં માનદ વેતનમાં વધારો, પ્રોવિડન્ટ ફંડ (PF), ઈએસઆઈ, પેન્શન યોજના, નિવૃત્તિ વયમાં વધારો, પ્રમોશન સંબંધિત નિયમોમાં સુધારા તથા હેલ્પર બહેનોને વધુ આર્થિક સુરક્ષા મળે તેવી માંગણીઓ રજૂ કરવામાં આવી છે. ઉપરાંત આંગણવાડી કર્મચારીઓને મૂળ ફરજ સિવાયની વધારાની કામગીરી સોંપવામાં ન આવે અને તેમની સમસ્યાઓ અંગે સરકાર અને સંગઠન વચ્ચે તાત્કાલિક બેઠક યોજવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે.

વિરોધ કાર્યક્રમ દરમિયાન બહેનોએ પ્રતીકાત્મક રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરી સરકારનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો હતો. સંગઠનના આગેવાનોનું કહેવું છે કે અનેક વખત રજૂઆતો કરવા છતાં પ્રશ્નોના ઉકેલ અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી, જેના કારણે નિરાશા વધી રહી છે.

# નવસારીમાં 22 દિવસથી ઉભરાતું ગટરનું પાણી

નવસારી: સ્માર્ટ સિટી અને સ્વચ્છતા અભિયાનના દાવાઓ વચ્ચે નવસારી શહેરના તરોટા બજાર વિસ્તારમાં આવેલી ડિસેન્ટ કોમ્પ્લેક્સની ડ્રેનેજ સમસ્યા સ્થાનિકો માટે ગંભીર માથાનો દુખાવો બની છે. છેલ્લા 22 દિવસથી ડ્રેનેજનું ગંદુ પાણી જાહેર માર્ગ પર સતત વહી રહ્યું છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે અને સ્થાનિક રહીશો, વેપારીઓ તેમજ રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ ડ્રેનેજ લાઈનના સમારકામ માટે નવસારી મહાનગરપાલિકાને અંદાજે રૂ.35 હજારનો ખર્ચ ચૂકવવામાં આવ્યો હતો. જોકે આટલો ખર્ચ થયા બાદ પણ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. પરિણામે ગંદુ પાણી ખુલ્લેઆમ રસ્તા પર વહી રહ્યું છે અને લોકો માટે રોજિંદી મુશ્કેલીઓ ઊભી કરી રહ્યું છે.


**જોઈએ છે**

હ્યુમન રિસોર્સ સોસાયટી, આણંદ સ્થિત સંસ્થા છે, જે ગુજરાતમાં મોટેભાગે ડેરી ઉદ્યોગને મેનપાવર પુરા પાડી રહી છે. તેઓને નીચે જણાવેલ વિગતના મેનપાવરની જરૂરિયાત છે.
૧.આસીસ્ટન્ટ ટેકનિશિયન(Assistant Technician)
લાયકાત:ITI (ઇન્સ્ટ્રુમેન્ટ મેકેનીક/ફીટર/પેકિંગ મશીન એન્ડ ફુડ પ્રોસેસીંગ એટેન્ડન્ટ ઓપરેટર/વાયરમેન) + ૫ વર્ષનો ફુડ પ્રોસેસીંગ પ્લાન્ટ ચલાવવાનો અનુભવ.
અથવા
ડીપ્લોમાં (મેકેનીક ઇન્સ્ટ્રુમેટેશન/કેમિકલ) સાથે ૨ વર્ષનો પ્લાન્ટ ઓપરેશનનો અનુભવ.
કોમ્પ્યુટર જ્ઞાન જરૂરી, SAP ના અનુભવીને અગ્રતા.
ઉપરોક્ત લાયકાત ધરાવનારે E-mail: hrsvalsad2024@gmail.com તેમજ WhatsApp : 6358401489 ઉપર દિન-૧૦ માં અરજી કરવાની રહેશે.
તા.૧૧.૦૬.૨૦૨૬ સેક્રેટરી (HRS)